# મહિલા સશક્તિકરણ : દષ્ટિકોણ, પરિમાણ અને પ્રક્રિયા

સમાજકાર્યમાં વ્યક્તિને મદદ કરવાના સંદર્ભમાં જુદી જુદી અનેક થીયરીઝની શોધ રહી છે. વ્યાવસાયિક સમાજકાર્યની શરૂઆત દાન સંગઠનથી થઈ, ત્યારબાદ વ્યક્તિગત સેવાકાર્ય, જુથકાર્ય, સામુદાયિક સંગઠન પદ્ધતિ શોધાઈ. જ્ઞાનનાં ક્ષેત્રોનાં વિકાસની સાથે આજે અનેક નવી થીયરીઝ આપણને ઉપલબ્ધ થઈ છે. તેનો સૈદ્ધાંતિક સમજ માટે અને વ્યવહારમાં ઉપયોગ થઈ રહ્યો છે. આ થીયરીઝનો ઉપયોગ સમાજમાં બૃહદ સ્તરે કે સુક્ષ્મ સ્તરે થાય છે. આ થીયરીઝ માનવ વૃદ્ધિ અને વિકાસ, મનોવૈજ્ઞાનિક અને સામાજિક કાર્યાત્મકતા અને સામાજિક સેવાઓ પહોંચાડવા માટેની છે. તેમાંથી કેટલીક થીયરીઝ સામાજિક અને આર્થિક ન્યાયને કેન્દ્રમાં રાખે છે. સમાજકાર્યમાં ઉપયોગમાં લેવાતી થીયરીઝમાં સીસ્ટમ થીયરી, બિહેવીયરલ થીયરી, સાયકોડાયનેમીક થીયરી, ક્રિટીકલ પરસ્પેકટીવ થીયરી, એમ્પાવરમેન્ટ થીયરી વગેરેનો સમાવેશ થાય છે. આ તમામ થીયરીઝ અલગ અલગ છે. પરંતુ આખરે તેનું ધ્યેય તો વ્યક્તિ/સમુદાય/સમાજને સમજવાનું, તેની સ્થિતિને સમજવાનું, તેને મદદ કરવાનું, વ્યક્તિ અને તેની સ્થિતિમાં પરિવર્તન લાવવા માટેનું છે.

અહીં આપણે મહિલા સશક્તિકરણને સમજવા માટે સશક્તિકરણની થીયરીની સાથે મહિલાઓના વિવિધ પાસાઓને જોડીને જોવાનો પ્રયત્ન કરીશું.

### મહિલા સશક્તિકરણ શા માટે?

વિશ્વભરની મહિલાઓ આજે મહિલા હોવાને કારણે ભેદભાવોનો ભોગ બની રહી છે. મહિલાઓ આજે શક્તિહીન (Powerless) છે તેને શક્તિશાળી (empower) કરવાની જરૂર છે. તેમ કહેવામાં આવે છે. તેને બદલે તેનામાં શક્તિ છે તેનો ઉપયોગ કરવામાં અવરોધો છે. પુરૂષો પાસે શું છે જે તેમની શક્તિ તરીકે આપણને દેખાય છે, અને સ્ત્રીઓ પાસે શું નથી જેથી તે શક્તિહીન દેખાય છે. પુરૂષો પાસે નાણાં (Money), મજબુત શરીર (Musculine) અને ગતિશીલતા (Mobility) છે. આ ત્રણે પુરૂષને શક્તિશાળી બનાવે છે, બતાવે છે. નાણાં/આર્થિક નિયંત્રણ એ પુરૂષો પાસે જોવા મળે છે. સ્ત્રી કમાય છે. પરંતુ તે નાણાંનો ઉપયોગ કયાં કરવો, કેવી રીતે કરવો તેની નિર્ણાયક ભૂમિકામાં સ્ત્રીઓ હોતી નથી. સ્ત્રીઓને સમાજે આર્થિક વ્યવહારોની બાબતમાં નબળી ગણી છે, સ્ત્રીઓએ પણ એ સ્વિકારી લીધું છે. ગમે તેટલી ભણેલી સ્ત્રી હોય તેનાં નાણાંકીય વ્યવહારો મોટેભાગે પુરૂષ જ કરે છે. આવું થવાનું મુખ્ય કારણ શરૂઆતથી જ નાણાંકીય વ્યવહારોથી પુરૂષ સમાજે સ્ત્રીઓને દુર જ રાખી છે. નાણાં એવી વસ્તુ છે જેનાંથી કુટુંબનો હોય, સમાજનો હોય, સંસ્થાનો હોય, રાજ્ય કે દેશનો હોય સમગ્ર અંકુશ પુરૂષનાં હાથમાં રહે છે. બીજું, પુરૂષ પાસે મજબુત શરીર/તાકાત (Masculine) છે. સમાજમાં સ્ત્રી નબળી છે, પુરૂષ જેટલા શ્રમનાં કાર્યો ના કરી શકે, શરીરનો બાંધો અને પ્રજનન કાર્યો કરવાનાં હોવાથી તેની સ્થિતિ પણ પુરૂષ કરતાં નાજુક હોય છે, તેવું સમજવામાં આવે છે. તેથી પણ પુરૂષને સમાજમાં સ્ત્રી કરતાં વધારે શક્તિશાળી માનવામાં આવે છે. અને તે સ્ત્રી ઉપર અંકુશ ધરાવે છે. ત્રીજું, પુરૂષ પાસે ગતિશીલતા (Mobility) છે. સ્ત્રી કરતાં પુરૂષની ગતિશીલતા વધુ છે. તે દરેક જગ્યાએ પહોંચી શકે છે, પોતાનાં લાભ મેળવી શકે છે. જ્યારે સ્ત્રીના કેન્દ્રમાં હંમેશા કુટુંબ અને બાળકો હોય છે. જે તેને વિવિધ લાભો મેળવવાની બાબતમાં ગતિશીલ બનતી રોકે છે.

આમ નાણાં, મજબુત શરીર અને ગતિશીલતા પુરૂષને શક્તિશાળી બનાવે છે. પુરૂષનો શારીરિક બાંધો સ્ત્રી કરતાં વધુ મજબુત હોય છે. જેને જૈવિક રીતે મળતી બાબત કહી શકીએ. પરંતુ તે સિવાય સ્ત્રી અને પુરૂષ વચ્ચેનો જ તફાવત છે તે સમાજ નિર્મિત મુલ્યોથી પ્રાપ્ત થાય છે. બીજી રીતે કહીએ તો સ્ત્રી અને પુરૂષ વચ્ચેનો આ તફાવત એ gender નો છે. નહીં કે જાતિ એટલે કે Sex. Sex એ શારીરિક રીતે સ્ત્રી-પુરૂષ વચ્ચે જે તફાવત છે તેનો નિર્દેશ કરે છે જે જન્મથી જ પ્રાપ્ત થાય છે. જેન્ડર એ સ્ત્રી-પુરૂષ વચ્ચેના એવા તફાવતનો નિર્દેશ કરે છે જે કુટુંબ, સમાજ દ્વારા ઉભો કરેલો તફાવત છે. સ્ત્રી પ્રત્યેનાં આવા પરંપરાગત વલણોનાં મૂળ આપણી પુરૂષપ્રધાન વ્યવસ્થામાં પડેલા છે. સ્ત્રી શક્તિહીન (Powerless) છે, નબળી છે તેમ સમજવામાં આવે છે કે તેની શક્તિનો ઉપયોગ નથી કરવા દેવામાં આવતો. તેને માટે સમાજનાં મુલ્યો માન્યાઓ, વ્યવસ્થાઓ જવાબદાર છે.

પુરૂષને જે શક્તિ સમાજમાંથી પ્રાપ્ત થાય છે. તે શક્તિનો આધાર શું છે? આ શક્તિનાં આધાર જોઈએ તો તે ચાર પ્રકારનાં છે. Power Over, Power To, Power With અને Power Within (Parekh Harsha) અહીં તેને સમજવાનો પ્રયત્ન કરીએ.

- Power Over – એટલે બીજા ઉપર શક્તિનો દુર ઉપયોગ કરવો. આ પ્રકારની શક્તિ વર્ચસ્વ-તાબેદારીનાં સંબંધોમાં જોવા મળે છે. જે સામાજિક રીતે માન્યતા પ્રાપ્ત હોય છે. આવી શક્તિ હિંસા સર્જી શકે છે તેની તકેદારી રાખવી જરૂરી હોય છે. તેમાં સક્રિય અને નિષ્ક્રિય વિરોધ જોવા મળે છે.

આ પ્રકારની શક્તિ આપણાં સમાજમાં પુરૂષો પાસે છે. જેનાથી પુરૂષ અને સ્ત્રી વચ્ચે આધિપત્ય અને તાબેદારીનાં સંબંધો પેદા થયા છે. પુરૂષો આ શક્તિના ઉપયોગથી સ્ત્રીઓ પર હિંસા કરતા જોવા મળે છે. પરંતુ સ્ત્રી મોટે ભાગે આવી શક્તિ સામે તેનો વિરોધ કરતી જોવા મળતી નથી.

- Power To – આ શક્તિને નિર્ણય લેવાની, કાર્ય કરવાની સત્તા સાથે સંબંધ છે. આ શક્તિ સમસ્યાનાં ઉકેલ માટેની હોય કે સર્જનાત્મક અને સમર્થકર્તા તરીકેની હોઈ શકે છે. આપણે જોઈએ છીએ કે નિર્ણય લેવાની સત્તા મોટેભાગે પુરૂષ પાસે હોય છે. તે ઈચ્છે તો આ શક્તિનો ઉપયોગ સમાજની સમસ્યાઓના ઉકેલ માટે કરી શકે છે.
- Power With – આ શક્તિ લોકોનાં સંગઠિત ધ્યેયને પ્રાપ્ત કરવા માટેની છે. જે લોકોના સર્વસમાન્ય હેતુ કે સર્વસામાન્ય સમજનું સંગઠિત સ્વરૂપ હોય છે. સમાજમાં જોઈએ છીએ કે શક્તિ પ્રાપ્ત કરવા અને તેનો ઉપયોગ કરીને લાભો મેળવવામાં સંગઠિત થવું જરૂરી છે. સમાજમાં સ્ત્રી અને પુરૂષનાં સંદર્ભમાં જોઈએ તો આ રીતે સંગઠિત થઈને લાભ મેળવવામાં પુરૂષો વધારે આગળ છે.
- Power Within – આ શક્તિ એવી છે જેમાં આત્મવિશ્વાસ, સ્વજાગૃતિ અને પોતાના હક્કનાં દાવાનો (assertiveness) સમાવેશ કરે છે. જો કે આ શક્તિ વ્યક્તિ તેનાં જીવનનાં અનુભવનાં વિશ્લેષણ દ્વારા પારખી શકે છે. શક્તિ કેવી રીતે તેનાં જીવનને પ્રભાવિત કરવામાં, પરિવર્તન લાવવામાં અને આત્મવિશ્વાસ મેળવવામાં કામ કરે છે તથા આત્મવિશ્વાસપૂર્વક, સભાનતાથી આ શક્તિનો પોતાના માટે ઉપયોગ કરે છે તે વ્યક્તિની સમજમાં હોય છે. અહીં આપણે કહી શકીએ કે આપણી સમાજવ્યવસ્થામાં છોકરીઓનાં ઉછેરમાં રહેલી ખામીને પરિણામે સ્ત્રીઓમાં

આત્મવિશ્વાસ ઓછો હોય છે. દરેક બાબતમાં પોતાનું હિત જોવું કે પોતાનો હક્ક દાવો રજુ કરવામાં સ્ત્રીઓ ખૂબ પાછળ રહેતી જોવા મળે છે.

શક્તિનાં ઉપરોકત પ્રકારોનાં સંદર્ભમાં સ્ત્રીઓ કેવા પ્રકારની શક્તિ મળી છે તેનો અંદાજ સ્ત્રીઓની આજની રાજકીય, આર્થિક, સામાજિક, શૈક્ષણિક સ્થિતિ જોઈએ તો સમજી શકાય. અહી આ સ્થિતિને સમજવાનો પ્રયત્ન કરીએ.

**સ્ત્રીઓની વિવિધક્ષેત્રે સ્થિતિ :**

**રાજકીય સ્થિતિ** : રાજકીય સ્થિતિમાં સ્ત્રીઓનું પ્રતિનિધિત્વ વિધાનસભા કે સંસદમાં ખૂબ ઓછું છે. તેમાં સ્ત્રીઓ માટે અનામત સીટ રાખવાની વર્ષોથી ચાલતી વાતને સંસદમાં બહાલી મળતા કેટલા વર્ષો વીતી ગયા, તે શું બતાવે છે? પંચાયતમાં ૩૩% અનામત છે પણ ત્યાં હજુ પુરૂષો સ્ત્રીઓને નામ પુરતી જ રાખે છે, સ્ત્રી પોતે કાર્ય કરી શકતી નથી, સ્ત્રીઓ વહીવટી કાર્યો કરશે તો શીખશે અને સક્ષમ થશે. દેશમાં જોઈએ તો કેટલી સ્ત્રીઓ આજ સુધીમાં વડાપ્રધાન, રાષ્ટ્રપતિ, મુખ્યપ્રધાન, મુખ્યમંત્રી, સંસદ કે વિધાનસભામાં સ્પીકરનાં પદ પર આવી શકી છે? કેટલી સ્ત્રીઓ પક્ષની નેતાગીરી કરી રહી છે? કેટલી સ્ત્રીઓ પક્ષની ટિકિટો કોને આપવી તેની નિર્ણાયક ભૂમિકામાં છે? કેટલી સ્ત્રીઓ ચુંટણી વખતે ચુંટણી ઢંઢેરો નક્કી કરવામાં નિર્ણાયક ભૂમિકામાં હોય છે? કેટલી સ્ત્રીઓ સંસદ કે વિધાનસભામાં પ્રશ્નો પૂછવામાં મોખરે છે? કેટલી સ્ત્રીઓ રાજકીય કમિટિઓમાં નેતાગીરી કે સભ્યપદ ધરાવે છે? આ પ્રશ્નોમાં જવાબો આપણને સૌને ખબર છે અને ચિત્ર ઘણું સ્ત્રીઓની ભાગીદારીનાં સંદર્ભે નબળું છે.

**આર્થિક સ્થિતિ** : આર્થિક સ્થિતિમાં આજે આપણને એ જોવા મળે છે કે સ્ત્રીઓ ઘરની બહાર કાર્ય કરવા માટે જતી થઈ છે. આજે ગરીબ અને મધ્યમવર્ગ માટે એ સ્થિતિનું નિર્માણ થયું છે કે તેમણે પોતાના કુટુંબના નિર્વાહ માટે સ્ત્રીઓને રોજી માટે બહાર જવા દેવી પડે છે. સ્ત્રીઓ આર્થિક પગભર બની છે પરંતુ આર્થિક સ્થિતિનાં સંદર્ભમાં આપણે કેટલાક પ્રશ્નો જોઈએ તો સ્ત્રીઓ આર્થિક રીતે શક્તિશાળી બની શકી છે કે કેમ તે સમજાશે. સ્ત્રીઓ કમાણી કરે છે. પરંતુ પોતાની આવકનો ઉપયોગ કરવામાં તેની નિર્ણયમાં ભાગીદારી કેટલી હોય છે? સ્ત્રીનાં ઘરેલું કામનું આર્થિક મુલ્ય સમજવામાં નથી આવતું એટલે ઘરમાં રહેતી સ્ત્રીનું આર્થિક કોઈ જીવન નથી હોતું તેમ માનવામાં આવે છે. સ્થાવર મિલ્કતો જેવી કે જમીન-મકાન અને ઘર માટે વસાવવામાં આવતી મિલ્કતો કેટલી સ્ત્રીઓનાં નામે હોય છે? જ્યાં સ્ત્રીઓનાં નામે હોય છે ત્યાં પણ તે પુરૂષ કે કુટુંબના લાભના માટે હોય છે. સ્ત્રીઓ આર્થિક હક્કો માટે કેટલા પ્રમાણમાં દાવાઓ કરે છે અને હક્કદાવા કરે છે ત્યાં પુરૂષપ્રધાન વ્યવસ્થામાં તેને કેવી રીતે જોવામાં આવે છે? તેને કેટલો ન્યાય મળે છે? કેટલી સ્ત્રીઓ સંસ્થાઓમાં, રાજકીય સ્તરે આર્થિક બાબતોમાં નિર્ણાયક ભૂમિકા કે હોદ્દાઓ ધરાવે છે જેવી કે એકાઉન્ટન્ટ, નાણાંપ્રધાન, બેંકમાં મેનેજર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પેઢીમાં મુખ્ય હોય, સામાજીક-શૈક્ષણિક સંસ્થામાં પ્રમુખ સ્થાનો પર હોય નાણાંકીય કમિટિઓમાં નેતૃત્વ કે સભ્યપદ હોય, ગામડાઓમાં દૂધમંડળી/સહકારી મંડળીમાં પ્રમુખપદ ધરાવતી હોય. કેટલી સ્ત્રીઓ શેરબજારમાં બ્રોકર તરીકે કાર્ય કરે છે? કેટલી સ્ત્રીઓ શેરબજારમાં પુરૂષોની મદદ વગર નાણાંકીય રોકાણો કરવા, નાણાંકીય વ્યવહારો કરી શકે છે? કેટલી સ્ત્રીઓ બેંક સાથેનાં નાણાંકીય વ્યવહારો જાતે કરી શકે છે? કેટલી સ્ત્રીઓ મિલ્કતના સોદાઓ કરી શકે છે? ગામડા કે શહેરની કેટલી સ્ત્રીઓ પોતાની ઉત્પાદીત ચીજવસ્તુનું માર્કેટ પોતાની જાતે શોધી શકે છે કે માર્કેટમાં ઉત્પાદીત

વસ્તુઓને લઈને વેચવા જઈ શકે છે? કેટલી સ્ત્રીઓ સરકારનાં બજેટને સમજવાનો અને તેમાં જીવન પર થનાર અસરોને સમજવા પ્રયત્ન કરે છે? આ તમામ પ્રશ્નોથી જે ચિત્ર રજુ થાય છે. તેમાં સ્પષ્ટ છે કે સ્ત્રીઓ આર્થિક બાબતોમાં હજુ સંપૂર્ણપણે શક્તિશાળી બની નથી અથવા સમાજની સ્ત્રી આવી શક્તિનો ઉપયોગ કરવામાં આવતો નથી કે તેની ગણના થતી નથી.

**સામાજિક સ્થિતિ** : આપણી સામાજિક વ્યવસ્થાને બનાવવામાં આપણા મુલ્યો, માન્યતાઓ, સંસ્કૃતિ વગેરેનો મોટો ફાળો જોવા મળ્યો છે. આપણી સામાજિક વ્યવસ્થામાં જે પાયાની સંસ્થાઓ છે જેવી કે લગ્ન, જ્ઞાતિ, કુટુંબ તેનાં ઉપર પુરૂષ પ્રધાન મુલ્યોનો ખૂબ મોટો પ્રભાવ જોવા મળે છે. આ પુરૂષપ્રધાન મુલ્યોએ પુરૂષપ્રધાન વ્યવસ્થાઓ બનાવી છે. પુરૂષપ્રધાન વ્યવસ્થા એટલે જ્યાં પુરૂષ વડો હોય, પુરૂષનો અંકુશ હોય અને પુરૂષ મિલકતનો માલિક હોય. આ ત્રણ તેની મુખ્ય લાક્ષણિકતાઓ છે. તેના સંદર્ભમાં જ આપણે આપણી સામાજિક સંસ્થાઓને તપાસીએ તો તેમાં પુરૂષનું વર્ચસ્વ જોવા મળે છે. તે દૃષ્ટિએ સ્ત્રીઓનાં સંદર્ભમાં અનેક પ્રશ્નો થઈ શકે છે. લગ્નની બાબતમાં સાથીની પસંદગીમાં કેટલી સ્ત્રીઓ પોતાનો નિર્ણય જણાવી શકે છે? કેટલી સ્ત્રીઓ લગ્ન કરવાના ઈચ્છતી હોય તો પોતાના નિર્ણયમાં મક્કમ રહી શકે છે? કેટલી સ્ત્રીઓ લગ્ન પછી બાળકો કેટલા અને ક્યારે થવા દેવા તે નક્કી કરી શકે છે? ગર્ભપાત કરાવવાનો નિર્ણય શું સ્ત્રીઓ લઈ શકે છે! કેટલી સ્ત્રીઓ પુરૂષોનો માર સહન નહીં થતા તેને છોડી દઈ શકે છે? કેટલી સ્ત્રીઓ છુટાછેડા મેળવીને સ્વતંત્ર રીતે ગૌરવભેર જીવન જીવી શકે છે? કેટલી વિધવા સ્ત્રીઓ લગ્ન કરવા છે તેવી ઈચ્છા જણાવી શકે છે કે લગ્ન કરે શકે છે! કેટલી સ્ત્રીઓ પોતાના કુટુંબમાં બાળકોમાં ઉછેરમાં પુરૂષોનો પણ બરાબરીનો સહયોગ મેળવી શકે છે? કેટલી સ્ત્રીઓ પુરૂષોની સામે કુટુંબમાં પોતાના હક્કોને પ્રસ્થાપિત કરી શકે છે? કેટલી સ્ત્રીઓ તેનાં કુટુંબમાં વડા તરીકે ગણાય છે? કુટુંબનું સંચાલન કરે છે! કેટલી સ્ત્રીઓ જ્યાં પતિ-પત્ની બંને નોકરી કરતા હોય ત્યાં તેનાં માટે કુટુંબ પ્રાથમિક નહીં પણ ગૌણ અગ્રતામાં આવે છે અને ત્યાં સ્થિતિ મુજબ પુરૂષ માટે કુટુંબ પ્રાથમિક કાર્ય બને છે? કેટલી સ્ત્રીઓ સામાજિક સંસ્થાઓમાં જેવી કે જ્ઞાતિઓ, લગ્ન માટેનાં મંડળો વગેરેમાં નેતૃત્વ ધરાવે છે?

સામાજિક વ્યવહારોમાં લાગણીપ્રધાન વ્યવહારો જેવા કે મરણ-લગ્ન પ્રસંગોમાં, માંદગીના સમયે ખબર જોવા જવામાં સ્ત્રીઓ જ. આંતરક્રિયા મહત્વની બને છે. સ્ત્રીઓને લાગણીનાં કાર્યો સારા આવડે, જ્યાં બુદ્ધિપ્રધાન કાર્યો હોય ત્યાં પુરૂષોની જમાવટ હોય અવું પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે. પુરૂષપ્રધાન મુલ્યોએ સમાજમાં પુરૂષની સ્થિતિ, દરજ્જો મહત્વનો છે તેવું કંઈ સાબિત કર્યું છે એટલે ગર્ભમાં પુત્ર હોય તો જન્મ આપવો, પુત્રી હોય તો ગર્ભપાત કરાવી દેવો. જેને કારણે સમાજમાં પુરૂષનાં પ્રમાણમાં સ્ત્રીઓની સંખ્યા ઘટતી ગઈ છે. સ્ત્રીઓની અસલામતી, જાતીય શોષણ વધતું જાય છે. પુરૂષપ્રધાન વ્યવસ્થાથી સ્ત્રીઓનું પણ Mindset થઈ ગયું છે જેથી છોકરા-છોકરીઓનાં ઉછેરમાં ભેદભાવ જોવા મળે છે, છોકરીઓનો ઉછેર એવી રીતે થાય છે જે સ્ત્રી-પુરૂષ વચ્ચે તફાવતો પેદા કરે છે, જે તેના સમગ્ર જીવન દરમ્યાન પુરૂષને પ્રથમ અને સ્ત્રીઓને દ્વિતીય દરજ્જો આપે છે. આમાં સ્ત્રીઓની સામાજિક સ્થિતિ જોતા સ્પષ્ટ લાગે છે કે સ્ત્રીઓને શક્તિહીન રાખવામાં કે તેની શક્તિનો ઉપયોગ થવા દેવામાં સામાજિક બાબતો મુખ્યત્વે અવરોધક છે.

**શૈક્ષણિક સ્થિતિ** : સ્ત્રીઓની શૈક્ષણિક સ્થિતિને સામાજિક સ્થિતિથી જુદી જોવી જોઈએ. શિક્ષણને જ્યારે આપણે સામાજિક પરિવર્તનનાં મહત્વનાં પરિબળ તરીકે જોઈએ છીએ ત્યારે સ્ત્રીઓની શૈક્ષણિક બાબતો તપાસવી જરૂરી છે. જાણીતી માન્યતા છે કે સ્ત્રીને વધારે ભણાવીને શું કરવાનું? તેણે તો પારકા ઘેર જ જવાનું

છે, ઘરગૃહસ્થ કરવાની છે. આ માન્યતામાં આજે પરિવર્તન આવ્યું તો છે પરંતુ અપેક્ષા મુજબનું નથી. તે અંગે કેટલાક પ્રશ્નો જોઈએ. ઉચ્ચશિક્ષણ સુધી પહોંચતી છોકરીઓનું પ્રમાણ કેટલું છે? શિક્ષણમાં દાખલ કરવામાં છોકરા-છોકરી વચ્ચે ભેદ કેમ છે? છોકરીઓ માટે શિક્ષણ કરતાં ઘટનાં, નાના ભાઈ-બહેનને સાચવવામાં કાર્યો વગેરે શું મહત્વનાં છે? છોકરા કરતાં છોકરીઓમાં શાળા છોડવાનું પ્રમાણ વધુ છે? છોકરીઓ ભણે છે તે કેવા પ્રકારનાં ક્ષેત્રોમાં જાય છે! આર્ટસ, સાયન્સ, કોમર્સ, એન્જીનીયરીંગ, મેડીકલ, ટેકનીકલ કયામાં છોકરીઓનું પ્રમાણ છે? શિક્ષણ દરમ્યાન છોકરીઓ પ્રત્યે જાતીય શોષણ, સલામતી જેવા પ્રશ્નો કેટલા છે? જે તેને શિક્ષણથી વંચિત રાખવામાં ફાળો આપે છે? અભ્યાસ પછી કેટલી સ્ત્રીઓ શિક્ષણ લીધું છે તેનો ઉપયોગ કરી શકે છે? એટલે કે વ્યવસાય-ધંધો કરી શકે છે? શિક્ષણમાં છોકરીઓ ટકી રહે છે તે માટે સરકારનાં પ્રયત્નો શું છે? આ બધા પ્રશ્નોમાં આપણી આસપાસ નજર દોડાવતાં જ સ્થિતિ સ્પષ્ટ દેખાય છે કે સ્ત્રીઓ હજુ શિક્ષણની બાબતમાં પુરૂષો કરતાં પાછળ છે.

ઉપર જોયું તે મુજબ સમાજમાં સ્ત્રીઓની રાજકીય, આર્થિક, સામાજિક, શૈક્ષણિક સ્થિતિ જોતાં તેમાં છેલ્લા પચાસ-સાંઈઠ વર્ષોમાં પરિવર્તન જરૂર આવ્યું છે પરંતુ હજુ પુરૂષને જે પ્રાપ્ત થાય છે તે બધું જ સ્ત્રીને પ્રાપ્ત થતું નથી અને તેને માટે આપણી સામાજિક, આર્થિક, રાજકીય, શૈક્ષણિક વ્યવસ્થાઓ, સ્ત્રીઓ પ્રત્યેનાં નકારાત્મક વલણો જવાબદાર છે. સ્ત્રીઓનાં વ્યક્તિગત ઘડતર માટે તથા સમાજમાં સ્ત્રીઓ પ્રત્યેનાં વલણો બદલવા માટે ઘણાં પ્રયત્નો કરવા જરૂરી છે. આગળ જોઈ ગયા તેમ સ્ત્રીની શક્તિઓને ઉજાગર કરવી અને ઉપયોગી બનાવવી છે તો તેને માટે સ્ત્રી સશક્તિકરણનાં ખ્યાલને સમજીએ.

**સ્ત્રી સશક્તિકરણ** :- સશક્તિકરણનો ખ્યાલ સૌ પ્રથમ આંતરરાષ્ટ્રીય મહિલા પરિષદમાં ૧૯૮૫માં નૈરોબીમાં રજુ થયો હતો. આ પરિષદમાં એમ કહેવાયું કે સશકિતકરણ એ શક્તિની પુનઃવહેંચણી છે અને સંશાધનો ઉપરનું નિયંત્રણ મહિલાઓની તરફેણમાં હકારાત્મક દરમ્યાનગીરી દ્વારા કરવું.

બેજીંગમાં મહિલાઓની પરિષદ ૧૯૯૫માં મળી હતી. જેમાં મહિલા સશક્તિકરણનાં સૂચકાંકો રજુ થયા. જેને આધારે વિશ્વની મહિલાઓની સ્થિતિને માપી શકાય અને તેમાં પરિવર્તન લાવી શકાય.

યુનાઈટેડ નેશન્ દ્વારા મીલેનીયમ ડેવલપમેન્ટ ગોઠ નક્કી થયા છે. તેમાં પણ "જેન્ડર સમાનતા અને સ્ત્રી સશક્તિકરણ જ વધારો કરવો" તેનો સમાવેશ થયો છે.

આમ વૈશ્વિક સ્તરે આ ખ્યાલનો ઉદ્ભવ થયા પછી સતત તે દેશ અને વિશ્વમાં નીતિ અને કાર્યક્રમોમાં કેન્દ્રીત થતો રહ્યો છે.

સશક્તિકરણની વિભાવના જોઈએ તો "સશક્તિકરણ એ વ્યક્તિની કે સમુદાયની આધ્યાત્મિક, રાજકીય, સામાજિક કે શૈક્ષણિક શક્તિઓની સાથે સંબંધ ધરાવે છે. સશક્તિકરણમાં વ્યક્તિ કે સમુદાયમાં તેમની પોતાની ક્ષમતાઓ અંગેના આત્મવિશ્વાસનો વિકાસ કરવાનો સમાવેશ થાય છે."

ઓક્ષફર્ડ ડિકશનરી પ્રમાણે "સશક્તિકરણ એટલે વ્યક્તિને મુખ્યત્વે પોતાનાં જીવનનું નિયંત્રણ કરવામાં અને પોતાના અધિકારો માટે દાવો કરવામાં શક્તિશાળી અને વધુ આત્મવિશ્વાસ બનાવવી. આ મુજબ સ્ત્રીઓને એવી શક્તિ પ્રાપ્ત થવી જોઈએ જે તેને સમાજમાં એક સ્ત્રી તરીકે આવતા પડકારોનો સામનો કરવામાં મદદ કરી શકે." સ્વીફટ અને લેવીન - "સશક્તિકરણ એટલે શક્તિ મેળવવાનો અને ઉપયોગ કરવાનો હક્ક. વ્યક્તિ, જુથ કે સંગઠનો અને સમુદાયો જેઓ પોતાની કાર્યાત્મકતા અને તેનાં પર્યાવરણની

ઉપર નિયંત્રણ ધરાવે છે. સશક્તિકરણ મનની સ્થિતિ દર્શાવે છે. જેમાં તે પોતાની લાગણીઓ, લાયકાત, શક્તિ અને નિયંત્રણનો અનુભવ કરે છે. અને તે પોતાની શક્તિ દ્વારા સામાજિક માળખાને બદલે છે.''

ટુંકમાં મહિલાઓનું સશક્તિકરણ એટલે શક્તિ મેળવવી અને તેનો ઉપયોગ કરવાનો હક્ક તથા પોતાના કાર્યો અને પોતાના પર્યાવરણ ઉપર નિયંત્રણ ધરાવતું તેવો અર્થ ફલિત થાય છે.

શક્તિ હાંસલ કરવામાં (access to power) સ્ત્રીઓ શું ઉપલબ્ધ થાય તો તે શક્તિ માટે જરૂરી/આવશ્યક છે. તેમાં **માહિતી, તકો, નિર્ણયમાં ભાગીદારી, ગૌરવ, નાણાં, દરજ્જો, ક્ષમતાઓ અને સંગઠનનો સમાવેશ થાય છે.** સ્ત્રીઓની શક્તિ માટેનાં આ આવશ્યક તત્વોનાં સ્ત્રોત શું છે? જ્યાંથી તે પ્રાપ્ત થઈ શકે છે. આ સ્ત્રોતમાં જોઈએ તો તે બંધારણીય જોગવાઈઓ, કાયદાઓ, સામાજિક-આર્થિક-રાજકીય તંત્ર, મૂલ્યો, બજેટની જોગવાઈઓ, નીતિ, કાર્યક્રમો, અમલીકરણ વગેરે શક્તિ આપનાર મહત્વનાં સ્ત્રોત છે.

સશક્તિકરણની ઉપરોકત વ્યાખ્યામાંથી ફલિત થતો બીજો મુદ્દો છે - સ્ત્રીની પોતાની કાર્યાત્મકતા અને પોતાના પર્યાવરણ પરનું નિયંત્રણ. આ નિયંત્રણના સંદર્ભમાં તેના ત્રણ પાસાઓ છે. અથવા ત્રણ સ્તરો પર ધ્યાન આપવાની જરૂર છે. (soloman)

- વ્યક્તિગત રીતે કાબેલીયત, નિષ્ણાંતપણું, પરિવર્તનને અસરકરતા શક્તિઓ અને ક્ષમતાઓ.
- આંતરવૈયક્તિક બાબતમાં બીજાને પ્રભાવિત કરનાર શક્તિ, બીજા સાથે અસરકારક આંતરક્રિયા કરનાર શક્તિ અને સંબંધો પર નિયંત્રણ રાખવાની શક્તિનો સમાવેશ થાય છે.
- માળખાગત બાબતમાં સામાજિક માળખા સાથેના સંબંધો, માળખાગત પરિવર્તન માટે સંશાધનો ઉપલબ્ધ કરવા, શક્તિ મેળવવામાં આવતા અવરોધોને દુર કરવા અને નવી તકોનાં માળખા રચવાની શક્તિનો સમાવેશ થાય છે.

ઉપર જોયું તે મુજબ સ્ત્રીઓ શક્તિ હાંસલ કરે અને પોતાની કાર્યાત્મકતા તથા પર્યાવરણ ઉપર નિયંત્રણ ધરાવે તો તેનું સશક્તિકરણ થયું છે તેમ કહી શકાય. પણ મહિલાઓનું સશક્તિકરણ થયું છે તે અંગે કેવી રીતે કહી શકાય? તે માટે બેઈજીંગમાં મળેલ મહિલા પરિષદ (૧૯૯૫)માં મહિલા સશક્તિકરણમાં સૂચકાંકો રજુ થયા છે જે આપણે જોવા મળી. તે ગુણાત્મક અને સંખ્યાત્મક બે સ્વરૂપે છે.

**ગુણાત્મક સૂચકાંકો**

- સ્વમાન, વ્યક્તિગત અને સંગઠિત આત્મવિશ્વાસ વધારો.
- સ્પષ્ટ બોલવું, જ્ઞાન અને આરોગ્ય-પોષમ, પ્રજનન અધિકારો, કાનૂન અને શિક્ષણ માટેની જાગૃતિ.
- વ્યક્તિનાં નવરાશનાં સમયને અને બાળઉછેરનાં સમયને ઓછો કરવો.
- કુટુંબ અને સમુદાયમાં જવાબદારીઓ અને ભૂમિકાઓ બદલાવી.
- મહિલાઓ અને છોકરીઓ પરની હિંસાને ઘટાડવી અને તેને વીઝીબલ બનાવવી.
- સામાજિક પ્રથાઓ જેવી કે બાળલગ્ન, દહેજ, વિધવા અંગેનાં ભેદભાવો પરિવર્તન લાવવા.
- મહિલાઓનું મીટીંગમાં હાજર રહેવું, ભાગીદારનાં સ્ટારને, ભાગીદાર અને ભાગીદારી માટેની માંગમાં આવતા પરિવર્તનને જોવું.

- ઘર, સમુદાયમાં સોદાશક્તિ અને વાટાઘાટની શક્તિમાં વધારો કરવો.
- માહિતી ભેગી કરવાની અને મેળવવાની ક્ષમતામાં વધારો.
- મહિલા સંગઠનો બનવા.
- સામાજિક વલણોમાં હકારાત્મક પરિવર્તન.
- કુટુંબ અને સમાજની સ્ત્રીઓનાં આર્થિક પ્રદાનને ઓળખવું અને માન્યતા મળવી.
- સ્ત્રી દ્વારા પોતાનાં કાર્યો અને આવક અંગે નિર્ણયો લેવા.

**સંખ્યાત્મક સૂચકાંકો**

A - વસ્તીશાસ્ત્રીય વલણો/ઝોક

- માતા મૃત્યુદર
- સ્ત્રી-પુરૂષ પ્રમાણ
- જન્મ સમયે જીવીત રહેવાની શક્યતા
- લગ્નની સરેરાશ ઉંમર
- પ્રજનન ક્ષમતા દર

B - વિકાસનાં કાર્યક્રમોમાં સ્ત્રીઓની ભાગીદારીની સંખ્યા

C - સમદુાયનાં સાધનો, સરકારી યોજનાઓ - ઘોડિયાઘર, સરકારી મંડળીઓ, અવૈધિક શિક્ષણ મેળવવાની અને તેના ઉપરનું નિયંત્રણ

D - શારીરિક આરોગ્યનો દરજ્જો અને પોષણનાં શરીરમાં જોઈ શકાય તેવું પરિવર્તન.

E - શિક્ષણ અને પ્રવેશની સ્થિતિમાં પરિવર્તન

F - રાજકીય પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારી અને જેન્ડર સંબંધિત મુદ્દાઓમાં લક્ષ્યાંકને તપાસવા.

ટુંકમાં આ સૂચકાંકો મુજબ આપણે સ્ત્રીઓની સ્થિતિને માપી શકીએ છીએ અને જો તેમાં હકારાત્મક પરિણામો દેખાય તો કરી શકીએ કે સ્ત્રીઓનું સશક્તિકરણ થયું છે. જ્યારે આવું સશક્તિકરણ થાય છે ત્યારે સ્ત્રીઓમાં નીચેની ક્ષમતાઓ/શક્તિ જોવા મળે છે.

**શક્તિશાળી સ્ત્રીની લાક્ષણિકતાઓ :**

- પોતે જાતે નિર્ણય લેવાની શક્તિ ધરાવે છે.
- યોગ્ય નિર્ણય લેવા માટે માહિતી અને સંશાધનોને ઉપલબ્ધ કરી શકે.
- વિકલ્પો શોધી શકે છે અને તેમાંથી પોતાની જાતે વિકલ્પ પસંદ કરી શકે.
- સંગઠિત નિર્ણય પ્રક્રિયા કરવામાં પોતે પોતાનો હક્ક દાવો કરવાની ક્ષમતા ધરાવે છે.
- પરિવર્તન કરવા માટેની ક્ષમતા અંગે હકારાત્મક વિચારો ધરાવે છે.
- પોતાની અને જૂથની શક્તિને સુધારવા માટેની કુશળતાઓ હાંસલ કરવાની ક્ષમતા ધરાવે છે.
- બીજાના દષ્ટિકોણોને લોકશાહી રીતે બદલી શકવાની ક્ષમતા ધરાવે છે.
- વિકાસની પ્રક્રિયામાં અને સતત ચાલતી પરિવર્તનની પ્રક્રિયામાં સામેલ બને અને આવી પ્રક્રિયાને શરૂ કરે.

- પોતાની હકારાત્મક સ્વછબીને ઉભી કરે અને લાંછનરૂપ સ્થિતિને દુર કરે.

કોઈ પણ સ્ત્રી જો પોતે કેટલી શક્તિશાળી છે તે તપાસવું હોય તો તેનામાં ઉપરોકત લાક્ષણિકતાઓમાંથી શું છે તે જોઈ શકે. પરંતુ આગળ આપણે જોઈ ગયા કે આપણા સમાજમાં સ્ત્રીઓની સામાજિક, આર્થિક, રાજકીય, શૈક્ષણિક સ્થિતિ શું છે તેને ધ્યાનમાં લઈને સ્ત્રીઓની શક્તિને બહાર લાવવાનો પ્રયત્ન કરવો હોય તો સ્ત્રી સાથે વ્યક્તિગત કે સ્ત્રીઓના જુથ સાથે કાર્ય કરવા માટે સશક્તિકરણની પ્રક્રિયાને સમજવી જરૂરી છે. જે સમાજ કાર્યકરને તેમનાં વ્યવહારમાં ઉપયોગી બની શકે છે.

**સશક્તિકરણની પ્રક્રિયા :**

સશક્તિકરણની પ્રક્રિયાનાં ત્રણ મુખ્ય તબક્કાઓ છે. સંવાદ (Dialogue), શોધ (Discovery) અને વિકાસ (Devlopment). આ ત્રણેય તબક્કાઓ વિશે Miley, Genralist Social worh practice – An epowering approach માં ખૂબ સર રીતે વર્ણન કર્યું છે.

મહિલા કે જે સશક્ત છે તે એવી સ્થિતિમાં હોય છે જેમાં તે પોતાને મુલ્યવાન સમજે છે, શક્તિ અને સંસાધનો ઉપરનાં પોતાના નિયંત્રણને અનુભવે છે. સમાજકાર્યનાં દષ્ટિકોણથી જોઈએ તો સમાજકાર્યની પદ્ધતિઓને આપણે સમસ્યા નિવારણની પદ્ધતિ તરીકે જોઈએ છીએ જેનું મુખ્ય કેન્દ્રબિંદુ સમસ્યા છે. પરંતુ સશક્તિકરણની પ્રક્રિયામાં આપણે વ્યક્તિની સમસ્યાને નહીં પરંતુ તેનામાં પડેલી શક્તિઓને જ કેન્દ્રમાં રાખીએ છીએ, તેને ઉપસાવવાનો જ પ્રયત્ન કરીએ છીએ. સશક્તિકરણનાં અભિગમથી સમાજકાર્યકર કાર્ય કરે છે ત્યારે તેનો અર્થ એ નથી કે વ્યક્તિની મુશ્કેલીઓને ધ્યાન પર નથી લેતો. પણ જ્યારે સમાજકાર્યકર સેવાર્થીનું ધ્યાન પણ તેની સમસ્યા કરતાં તેની શક્તિઓ તરફ વધુ કેન્દ્રીત કરે છે. તેને મજબુત કરવા પ્રયત્ન કરે છે. જેથી તે પોતાની ક્ષમતાઓને જોઈ શકે અને તેનો ઉપયોગ પોતાની સમસ્યાઓના નિવારણ માટે કરી શકે. આ દષ્ટિએ અહીં સશક્તિકરણની પ્રક્રિયાને જોઈએ.

(૧) **સંવાદનો તબક્કો (Dialouge) –** જે વ્યક્તિ કે જૂથ સાથે કાર્ય કરવાનું છે. તેની સાથે સંવાદ રચવો પડે છે. તેને માટેના પગથીયા નીચે મુજબ છે.

- **સાથે કામ કરવા તૈયાર કરવા (Preparing to worh together)** - મહિલાઓનું સશક્તિકરણ કરવું છે ત્યારે સૌ પ્રથમ તેમને પોતાની ક્ષમતાઓ વિકસાવવી છે તે માટે તૈયાર કરવા પડશે.
- **ભાગીદારી ઉભી કરવી (Forming Partnership) –** શક્તિ પેદા કરવા માટેની જે કંઈ પ્રક્રિયાઓ કરવાની છે તેમાં સ્ત્રીની સંપૂર્ણ ભાગીદારી જોઈશે. ભાગીદારી એટલે સ્ત્રી પોતાની સમસ્યા અને પોતાની ક્ષમતાઓને ઓળખવાથી લઈને તેનો ઉપયોગ કરવો અને તેમાંથી મળતા પરિણામોનું મુલ્યાંકન કરવા સુધીની ભાગીદારી રચવાની છે.
- **પડકારોને સ્પષ્ટ કરવા (Articulating Challenges) –** શક્તિશાળી બનવું અને તે પ્રમાણે જીવવામાં કેવા પ્રકારનાં પડકારો સામે આવવાનાં છે તેની સ્પષ્ટ સમજ મેળવી લેવી ખૂબ જરૂરી છે. કારણ કે મહિલા જ્યારે સક્ષમ બને છે અને પોતાના હક્ક દાવા કરે છે. ત્યારે સદીઓથી તેને દબાણમાં રાખનાર સમાજ તેની શક્તિઓ અને તેમાંથી ઉભી થતી માંગો સામે અનેક પ્રશ્નો

ઉભા કરે છે. અને પ્રતિક્રિયાઓ આપે છે. એટલે આવા પડકારોનો સામનો કરવો હોય તો શરૂઆતથી જ કેવા પડકારો આવવાની સંભાવના છે તેની સમજ સ્પષ્ટ થવી જરૂરી છે.

- **શક્તિઓને ઓળખવી (Identifying Strength) –** આ પ્રક્રિયા બહુ જ મહત્વની છે. જેમાં સમાજ કાર્યકરની ભૂમિકા, અગત્યની છે. દરેક મહિલામાં પોતાની સ્થિતિનો સામનો કરવાની, રસ્તાઓ શોધવાની શક્તિ પડેલી છે. પરંતુ કયાં તો તે દબાયેલી છે અથવા સમાજમાં મુલ્યોને કારણે સ્ત્રીએ પોતાની આ શક્તિઓને કયારેય પારખી નથી. તે ઓળખની પ્રક્રિયા કરવાની છે. જેમાં સ્ત્રી પોતે શું શું કરી શકે છે તેની સમજ ઉભી થાય છે.
- **દિશા નિર્ધારીત કરવી (Defining Direction) –** સશક્તિકરણની પ્રક્રિયામાં શું હાંસલ કરવાનું છે? મહિલાને જે પ્રવૃત્તિમાં ભાગીદાર બનાવીએ છીએ, પરંતુ તેનું આખરી ધ્યેય શું પ્રાપ્ત કરવાનું છે તે સ્પષ્ટ દિશાની સમજ પેદા કરવાની છે. અને આ સમજ આપણે આગળ જોઈ ગયા તે મુજબ મહિલા સક્ષમ બને અને પોતાના કાર્યો અને પર્યાવરણ ઉપર નિયંત્રણ મેળવે તે છે.

(૨) **શોધ(Discovery)નો તબક્કો :** આ તબક્કામાં નીચેની પ્રક્રિયાઓ કરવામાં આવે છે.

- **સંશાધનતંત્રને શોધવું (Exploring Resource Syestem) –** આ તબક્કામાં મહિલાઓને પોતાના માટે કયા સંશાધનો સમાજમાં ઉપલબ્ધ છે એને શોધવામાં મદદ કરવાની છે. મહિલાઓ પોતાના વિકા માટે, પોતાને મળતી તકો, લાભોથી પરિચિત હોતા નથી, તેને આ માટે મદદ કરવાની છે.
- **સંશાધનોની ક્ષમતાઓનું વિશ્લેષણ કરવું (Analyzing Resource Capabilities) –** સમાજમાં ઉપલબ્ધ જે કંઈ સંશાધનો છે તે સંશાધનો માટે કેટલા સક્ષમ છે જે સ્ત્રીને સક્ષમ થવામાં કેટલા ઉપયોગી થવાના છે. તેનું વિશ્લેષણ કરવું પડે છે. જેમ કે સ્ત્રીઓને માટે સ્વસહાય જૂથોમાં ભાગીદારીની વાત કરીએ છીએ ત્યારે આ સંશાધન તેને સશક્ત કેટલા સક્ષમ છે તેનું વિશ્લેષણ કરતા કરવાનું છે.
- **ઉકેલોનું માળખું તૈયાર કરવું (Framing Solutions) –** ઉકેલોનું માળખું તૈયાર કરવું, નિર્ધારીત કરવું તેને માટે સ્ત્રીઓ પોતાની શક્તિઓનો વિકાસ કેવી રીતે કરશે અને શક્તિઓનાં ઉપયોગથી પોતાની સમસ્યાઓનું સમાધાન કેવી રીતે મેળવી શકશે તેની એક રૂપરેખા તૈયાર કરવાની છે. જે તેને નિર્ધારીત દિશામાં લઈ જવામાં મદદ કરે છે.

(૩) **વિકાસ (Devlopment)નો તબક્કો :** આ તબક્કામાં નીચેની પ્રક્રિયાઓ થાય છે.

- **સંશોધનોનો ઉપયોગ કરવો (Activating Resources) –** વિકાસનાં આ તબક્કામાં અગાઉ જે સંશાધનોને મહિલા ઓળખે છે. તેની ઉપયોગીતાને ચકાસીને તેનો હવે ઉપયોગ કરે છે. દા.ત. નોકરી કરતી મહિલા જેની જાતીય સતામણી થાય છે. તેણે તેના માટેના સંશાધન તરીકે શોધી કાઢયું કે તેને મહિલા એવી આમાં ઉપયોગી થઈ શકે છે. તો હવે તે આ મહિલા સેલ દ્વારા પોતાની મુશ્કેલીઓ નિવારવા સંશાધનનો ઉપયોગ કરે છે.
- **તકોને વિસ્તારવી (Expanding Opportunity) –** તકોને ઓળખવી અને જેમ જેમ તકો મળતી જાય છે તેમ તેને હાંસલ કરતા કરતા સ્ત્રી આગળ વધે છે. તેમ તેમ નવી નવી તકોની

દિશાઓ સામે ખુલતી જાય છે. દા.ત. સ્ત્રી જ્યારે શિક્ષિત બને છે, તેને નોકરી પ્રાપ્ત થાય છે ત્યારે તેની સામે વિકાસની અનેક તકો છે જેમાં તે અનેક સમિતિઓમાં સભ્ય બની શકે છે, નેતૃત્વ લઈ શકે છે અનેક સંગઠન નેટવર્કમાં તે ભાગીદાર બની શકે છે. આગળ વધતા વધતા તે મેનેજમેન્ટ કક્ષાએ પહોંચી શકે છે. જેમ જેમ તેની શક્તિઓ ખુલતી જાય છે. તે પોતાનો હક્ક દાવો રજુ કરતી જાય છે. તેમ તેમ તેની તકોનો વિસ્તાર વધતો જાય છે. આ તબક્કામાં તકોની સામે સ્ત્રી માટે આવતા અવરોધોનો તેણે સામનો કરતા જવાનું છે. જેમાં તેણે પહેલા તબક્કામાં પોતાની જે શક્તિઓને ઓળખી છે તે મદદરૂપ બને છે.

- **પરિણામો/સફળતાને સ્વીકારવી/ઓળખવી (Recognizing Success) –** આ પણ ઘણી મહત્વની બાબત છે. કેટલીક વખત મહિલા પોતે જે સિદ્ધિ મેળવી છે તેને ઓળખી શકતી નથી અથવા સ્વીકારી શકતી નથી, અથવા તેને જાહેરમાં રજુ કરી શકતી નથી. તેનું એક કારણ એ પણ છે કે સ્ત્રીની અંદર એક છુપો ડર છે કે જો તે પોતાની સિદ્ધિઓને/સફળતાને જાહેર કરશે તો સમાજમાં પુરૂષો ઊભા કરશે. પરંતુ સફળતાથી આવતા પ્રતિભાવો, પ્રતિક્રિયાનો સામનો કરતા પણ તેણે શીખવું પડશે.
- **પ્રગતિ/લાભોને સંકલિત કરવા (Integrating Gain) –** જુદા જુદા ક્ષેત્રોમાં, કાર્યોમાં, ભૂમિકાઓમાં તેની જે પ્રગતિ થઈ રહી છે તેને સંકલિત રીતે પોતે શું પ્રાપ્ત કરી શકી છે તે દૃષ્ટિ મહિલામાં વિકસાવવાની છે.

ઉપરોક્ત પ્રક્રિયા મુજબ જો સ્ત્રીઓ કે તેમનાં જુથો સાથે કાર્ય કરવામાં આવે તો ચોક્કસ સ્ત્રીઓની સ્થિતિ પરિવર્તન આવી શકે છે. જે સમાજને વધુ સમતાલક્ષી બનાવશે.

ડૉ. આનંદી સુ. પટેલ
અધ્યક્ષા, સમાજકાર્ય વિભાગ
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

નોંધ :- તા.૫-૪-૨૦૧૨નાં રોજ ઝેડ.એન. પટેલ સમાજકાર્ય કોલેજ, ભૂજ દ્વારા યોજાયેલ "મહિલા સશક્તિકરણ" વિષય પરનાં સેમિનારમાં રજુ થયેલ કી-પેપર.

સંદર્ભ સ્ત્રોત :

1. Avasthi Abha, 2001, Modernity, Feminism and Women Empowerment, Rawat Publication, New Delhi.
2. Goel Aruna, 2009, Women Empowerment, Deep 2 Deep Publication, Delhi.
3. Miley Karla Krogsrud, 1995, Genralist Social Work Practice – An empowering approach, Allyn 2 Bacon, Massachusetts.
4. Parekh Harsha, Bhansali Kalini, 2008, Women and Governance of Higher Education, UGC, New Delhi.